# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

=================================================

નોવેલ કોરોના વાઈરસ (COVID–19)ના સંક્રમણને નિયંત્રણ લાવવા થતાં નિવારાત્મક પગલાં લેવા બાબત

વંચાણમાં : અત્રેની કચેરીના તા.૨૬.૦૩.૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : જા.નં.નકૃયુ/રજી/એડીએમ.૩.૨ /૨૫૮૫-૨૬૩૫/૨૦૨૦

## :: પરિપત્ર::

ઉપરોકત વંચાણમાં લીધેલ પરિપત્રમાં જણાવ્યા મુજબ નોવેલ કોરોના વાઈરસ (COVID-19) ના સંક્રમણ નિયંત્રણમાં લાવવા માટે લેવાના થતાં નિવારાત્મક પગલાં રૂપે દેશભરમાં નામ.સરકારશ્રીએ લોકડાઉન જાહેર કરેલ છે. નામ.સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓને ધ્યાનમાં લઈ નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓ તા.૨૪.૦૩.૨૦૨૦ થી તા.૧૪.૦૪.૨૦૨૦ સુધી સંપૂર્ણ બંધ રાખવામાં આવેલ છે. જે આપસૌ વિદિત છો. નવસારી કૃષિ યુનિવર્સિટી કેમ્પસના રહેણાંકના મકાનોમાં રહેતા અધિકારી/કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યો મંદિર પટાંગણ તેમજ યુનિવર્સિટીના વસાહતની નજીકના ખુલ્લા વિસ્તારમાં ટોળાઓના સમુહમાં એકત્ર થઈ, ક્રિકેટ રમતા હોઈ લોકડાઉનનો ભંગ કરી સોશિયલ ડિસ્ટન્સિગ નો સંપૂર્ણ પણે ભંગ કરવામાં આવી રહયો છે. તેવું માન.કુલપતિશ્રીને પોલીસ વિભાગ દ્વારા ફરિયાદ મળેલ છે જે એક દુ:ખદ બાબત છે.

આથી યુનિવર્સિટી કેમ્પસના રહેણાંકમાં રહેતા તમામ અધિકારી/કર્મચારીઓને તાકિદ કરવામાં આવે છે કે તેઓ તથા તેમના પરિવારના સભ્યોહાલની પરિસ્થિતિમાં લોકડાઉન દરમ્યાન કોઈપણ સંજોગોમાં ટોળા એકત્ર થઈ **સોશિયલ ડિસ્ટન્સિગનો ભંગ ન કરવો તેમજ આવશ્યક કામગીરી વગર ઘરની બહાર નિકળવુ નહી તથા સરકારશ્રીના આદેશોનો ચુસ્તપણે અમલ કરવા દરેકને સૂચના આપવામાં આવે છે.** જો તેમ કરવામાં નહીં આવે તો, પોલીસ વિભાગ દ્વારા કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી જે તે અધિકારી/કર્મચારીની રહેશે.

પ્રસ્તૃત પરિપત્ર માન.કુલપતિશ્રીની સૂચનાનુસાર જારી કરવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઈ/ચા.કુલસચિવ

જા.નં. નકૃયુ/રજી/એડીએમ.૩.૨/૨૬૩૬-૩૭/૨૦૨૦
નવસારી તા.૧૨.૦૪.૨૦૨૦

**નકલ રવાના :**

(૧) યુનિવર્સિટીના રહેણાંકમાં રહેતા તમામ અધિકારી/કર્મચારીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂં.
(૨) સીક્યુરીટી ઓફિસરશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તેમજ અમલ થવા સારૂં.

Scanned with CamScanner